# ૧૪ સપ્ટેમ્બર –૨૦૧૬ (બુધવાર)

**(૧) હિન્દી દિવસ :**

– દર વર્ષ ૧૪ સપ્ટેમ્બરના દિવસને રાષ્ટ્રીય ભાષા દિન એટલે કે હિન્દી દિવસ મનાવવામાં આવે છે.

– ૧૪ સપ્ટેમ્બર, ૧૯૪૯ના રોજ બંધારણ સભાએ એકમત થઈને હિન્દી ભાષાને રાષ્ટ્રીય ભાષા તરીકે સ્વિકારી.

– વર્ષ ૧૯૫૩થી સમગ્ર – ભારત ૧૪ સપ્ટેમ્બરના રોજ હિન્દી દિવસ મનાવાય છે.

– ભારતના બંધારણના અનુચ્છેદ ૩૪૩ (૧) માં હિન્દી ભાષા વિશે વર્ણન પણ કરવામાં આવ્યું છે.

**(૨) ગુજરાત પ્રતિભા એવોર્ડ :**

– સાહિત્યકાર કુમારપાળ દેસાઇને કાનજીભાઈ દેસાઇ ગુજરાત પ્રતિભા એવોર્ડ એનાયત થશે.

– આ એવોર્ડ વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા આપવામાં આવે છે.

– સાહિત્ય પરિષદના પ્રમુખ રહી ચૂકેલા કુમારપાળ દેસાઇને આ એવોર્ડ સાહિત્ય, શિક્ષણ, ધર્શદર્શન, પત્રકારત્વ અને ગુજરાતી વિશ્વકોષના સુત્રધાર તરીકેની સેવાઓ બદલ આપવામાં આવશે.

– એવોર્ડમાં સન્માનપત્ર, એક લાખની ધનરાશિ તથા મોમેન્ટો અર્પણ કરવામાં આવશે.

– કુમારપાળ દેસાઇ વર્ષ ૧૯૭૦થી ગુજરાત સમાચાર વર્તમાનપત્રમાં 'ઇંટ ઇમારત' કોલમ લખે છે. એ પહેલા વર્ષ ૧૯૫૩ થી ૧૯૬૯ દરમિયાન આ કોલમ તેમના પિતા જયભિખ્ખુ લખતા હતા.

**(૩) વિશ્વની ૫૦ શક્તિશાળી મહિલાઓની યાદી :**

– ફોર્ચ્યુન મેગેઝિને અમેરિકા સિવાયની વિશ્વની ૫૦ શક્તિશાળી મહિલાઓની યાદી બહાર પાડી

– આ યાદીમાં ત્રણ ભારતીય મહિલાઓને સ્થાન મળ્યું છે. જે નીચુ મુજબ છે.

| યાદીમાં ક્રમ | નામ | કંપની |
|---|---|---|
| ૨ | અરૂંધતીભટ્ટાચાર્ય | ચેરપર્સન એસબીઆઇ |
| ૫ | ચંદા કોચર | એમડી–આઇસીઆઇસીઆઇ |
| ૧૯ | શિખા શર્મા | સીઇઓ – અક્સિન બેંક |

– યાદીમાં ટોંચના સ્થાને સ્પેનની એના બોતિનને સ્થાન મળ્યું હતું.

(૧) ફોર્ચ્યુન મેગેઝીનની ૫૦ સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં કેટલી ભારતીય મહિલાઓને સ્થાન મળ્યું છે ?

– ત્રણ

(૨) ૧૪ સપ્ટેમ્બરના રોજ કયો દિવસ મનાવાય છે ?

– હિન્દી દિવસ

(૩) બંધારણ સભાએ ક્યારે હિન્દીને રાજભાષા તરીકે માન્યતા આપી હતી ?

– ૧૪ સપ્ટેમ્બર, ૧૯૪૯

(૪) કાનજીભાઇ દેસાઇ ગુજરાત પ્રતિભા એવોર્ડ વિજેતા ?

– કુમારપાળ દેસાઇ

(૫) કુમારપાળ દેસાઇ ગુજરાત સમાચારમાં કઇ કોલમ લખે છે ?

– ઇંટ ઇમારત

(૬) ગુજરાત પ્રતિભા એવોર્ડ કોના દ્વારા અપાય છે ?

– વિશ્વ ગુજરાતી સમાજ

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧